ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૬ ટકા

ગાંધીનગર તાપમાન

આજે વિશ્વ સિઝોફ્રેનીયા દિવસ

આ માનસિક ગંભીર બીમારી છે જેમાં ઘણા લોકો અંધશ્રદ્ધાનો વહેમ રાખી ડોક્ટર પાસે જતા નથી અને દર્દીનું મોત નિપજે છે

ગાંધીનગર, તા.૨૩

દર વર્ષે ૨૪મી મેના રોજ ઉજવાતો વિશ્વ સિઝોફ્રેનિયા એક એવી માનસિક ગંભીર બીમારી છે, જેમાં દર્દી ભ્રમિત અને કાલ્પનિક અવસ્થામાં જીવે છે જેને કારણે તેમની ભાવના, વ્યવહાર અને રોજિંદી દિનચર્યામાં બદલાવ આવી જાય છે. અને વિચિત્ર વર્તન કરે છે. શહેર ના એક મનોચિકિત્સકે વિશ્વ સિઝોફ્રેનીયા દિન નિમિત્તે જણાવ્યું હતું કે, સિઝોફ્રેનિયાના દર્દીઓને ઓપીડીમાં તો સારવાર અપાય છે, પરંતુ જો બીમારી વધુ ઘર કરી ગઈ હોય તો તેમને દાખલ દર્દી તરીકે અને જરૂર પડે કાઉન્સિલિંગ પણ કરવામાં આવે છે. હોસ્પીટલમાં આ રોગ માટે તમામ પ્રકારની દવા ઉપલબ્ધ છે. તેમણે કહ્યું કે, આ રોગના અનેક રૂપ છે. દર્દીને જે બાબતનો ભાસ, ભ્રમ કે વિચાર આવે છે એવું વાસ્તવમાં કંઈ હોતું જ નથી, દર્દીને ઘણીવાર ખોટી ખાત્રી પણ થવા લાગે છે કે, કોઈ એને સતાવે છે અથવા તો પોતે ખૂબ અમીર માણસ છે એવો ભ્રમ થાય છે. અને એવું લાગે કે પોતે ખૂબ તાકાતવર છે. કેટલીક વાર એને એવું લાગે છે કે તેનામાં દેવી શક્તિ મોજુદ છે. જો કોઈ એને સમજાવે તો પોતાને લોકો ખોટો સાબિત કરવા મથી રહ્યા છે એવું મહેસુસ થાય છે. આવા રોગીઓ સમાજથી અલગ પોતાની ભ્રમિત દુનિયામાં જીવવા લાગે છે. આ રોગના કારણો અંગે મનોચિકિત્સકે કહ્યું કે, આ એક આનુવંશિક રોગ છે. કેટલીક વાર સામાજિક પરિસ્થિતિ પણ કારણભૂત હોય છે. ગજમાંથી ઉદભવતા કેટલાક સ્રાવ પણ જવાબદાર છે. ડિપ્રેશન અને ચિંતા પણ એક પરિબળ હોય છે. તબીબો કહે છે કે વ્યક્તિ જ્યારે વિચિત્ર વ્યવહાર કરે ત્યારે વિના વિલંબે મનોચિકિત્સક પાસે જવું જોઈએ અને ઈલાજ કરાવવો જોઈએ જેથી, બીમારીની ગંભીરતા ઓછી થઈ જાય. જો વર્ષો સુધી સારવાર ન લેવાય તો દર્દી ક્યારેક હિંસક પણ બની જાય છે. અત્રે સાયકોલોજિસ્ટ દ્વારા કાઉન્સિલિંગ પણ કરવામાં આવે છે.જો કોઈ વ્યક્તિ વિચિત્ર વર્તન કરતું જણાય તો પૂછવા- કરવા જેવી અંધશ્રદ્ધા જેમકે પિતૃદોષ, મેલીવિદ્યા કે વળગાળ જેવી બાબતમાં સમય પસાર કરવાને બદલે તાત્કાલિક મનોચિકિત્સતકનો સંપર્ક કરવો જોઈએ. લોકો એ અંધશ્રદ્ધા માંથી બહાર આવી યોગ્ય ડોકટરની સલાહ જરૂર થી લેવી જોઈએ.



કડી સર્વ વિશ્વવિદ્યાલયની ટીમ એડવાન્સ સર્વ નેતૃત્વ કાર્યક્રમ માટે મનાલી જવા રવાના

ગાંધીનગર, તા.૨૩

યુવાનોમાં શિક્ષણની સાથે મૂલ્ય આધારિત જીવન ઘડતર થાય અને જીવનભર વ્યક્તિગત, સામાજિક, વ્યવસાયિક અને આધ્યાત્મિક ક્ષેત્રે નેતૃત્વના ગુણ વિકસે અને આત્મવિશ્વાસપૂર્વક જીવનમાં આગળ વધે એ હેતુથી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા એડવાન્સ સર્વ નેતૃત્વ કાર્યક્રમનું આયોજન આજે તા:૨૩ મેં થી ૦૧લી જૂન ૨૦૨૩ દરમિયાન મનાલી, હિમાચલ પ્રદેશ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલયની કડી અને ગાંધીનગરની વિવિધ ૧૬ કોલેજના ચુનંદા ૨૯ યુવાનો અને ૧૮ યુવતીઓ એમ કુલ ૪૭ વિધાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા. સમગ્ર કાર્યક્રમ કડી સર્વ

વિશ્વવદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ સાહેબની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ આયોજિત કરાયેલ છે જેમાં માઉન્ટનીયર દીપકભાઈ મકવાણા, એક્ઝિક્યુટિવ કોચ હરેશભાઈ પટેલ, સર્વ નેતૃત્વના સંયોજક સુરાજભાઈ મુંજાણી, રાહુલભાઈ સુખડીયા, પારુલ અત્તરવાલા, પ્રણવ દેસાઈ અને તન્મય પટેલ સંકલન અને સંચાલન કરશે.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરનો શપથવિધિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૩

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર કલબની પ્રેસિડેન્ટ અને તેમની ટીમની શપથવિધિ પદગ્રહણ સમારોહની શાનદાર ઉજવણી તાજેતરમાં ગેઝીયા હોલ સે-૨૫ ખાતે યોજાઈ હતી. આ સમારોહમાં ઈન્ડિયન લાયન્સ નેશનલના ટોપ લીડર્સ જેવા કે નેશનલ ચીફ પેટ્રન હિતેશભાઈ પંડ્યા, નેશનલ પાસ્ટ ચેરપર્સન આશાબેન પંડ્યા, અક્ષયભાઈ ઠક્કર ઉપસ્થિત રહયા હતા. મુખ્ય મહેમાન તરીકે બ્રહ્માકુમારીઝના કૈલાશદીદી અને રંજનદીદી, કાંતિભાઈ યોગીના આશીર્વાદ પણ લીધા હતા. પ્રેસીડેન્ટ વિમલાબેન યાદવ, નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાધેશ્યામભાઈ યાદવ, કો.પ્રેસિડેન્ટ મંગલસિંહ સોલંકી, વાઈસ પ્રેસી. ધૈવતભાઈ શુકલ, સેક્રેટરી જયોતિબેન કે.મેઘનાની, ટ્રેઝરર પ્રકાશભાઈ દવે, જોઈન્ટ સેક્રેટરી મહેન્દ્રસિંહ સોલંકી, બોર્ડ ઓફ ડીરેકટર ડો.હિમાદ્રીબેન શુકલ, હરીશભાઈ રાવલ, પ્રવકતા સંજીવભાઈ યાદવ, યાત્રા ડીરેકટર ઈન્દ્રવદન આચાર્ય, સંગઠન મંત્રી શ્રીમતી રેખાબેન રાવલ, રામદાસભાઈ કથાકાર, સરોજબેન દવે, મનીષાબેન ગોહેલ, અશ્મીતાબેન ચૌહાણ, ગીતાબેન વરીયા વગેરે હોદ્દેદારોએ પદગ્રહક સ્વીકાર કરી શપથ લીધા હતા.

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા પહેલીવાર પ્રજ્ઞાચક્ષુ કલાકારો દ્વારા સંગીત સભર કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૩

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ધ્વારા નવા વર્ષનો પ્રથમ કાર્યક્રમ રિધનોમિક મ્યુઝિક ગ્રુપ દ્વારા "એક સુરિલા પૈગામ આપ સબકે નામ" શીર્ષક હેઠળ સુમધુર મનપસંદ હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે રિધનોમિક મ્યુઝિક ગ્રુપ ઓરકેસ્ટ્રાના કલાકારો તેમજ નિલેશ સોલંકી, અર્જુન પટેલ અને અંકિતાબેન પ્રજ્ઞાચક્ષુ કલાકારોએ વૈવિધ્યસભર સાથે સંગીત પીરસવામાં આવ્યું હતું. આ પ્રજ્ઞાચક્ષુ કલાકારોની અંદર પડેલી અને ઈશ્વરે બક્ષેલી સંગીતની સાધનાનો અહલાદક આનંદ માણવા મળ્યો હતો.

સંગીતસભર કાર્યક્રમનો શુભારંભ બ્રમહકુમરી કૈલાસદીદી હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રદીપભાઈ ગગલાણી, બાર એસોસીએશનના પ્રમુખ શંકરસિંહ ગોહિલ, પ્રવીણભાઈ વધાશિયા, જીલૂભા ધાંધલ, જયંતિભાઈ-અંધશાળાના આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત જયશ્રીબેન ખેતિયાએ કર્યુ હતું. રવિવારે સાંજે આયોજિત આ કાર્યક્રમમાં વેસ્ટર્ન એગ્રો શિડ્સના એન પી પટેલ અને ગાંધીનગરની પ્રથમ હિન્દી વેબ ન્યુઝ ચેનલ તસવીરે ગાંધીનગરનો સૌજન્ય પ્રાપ્ત થયો હતો. સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા આયોજિત કાર્યક્રમને સફળ બનાવવામાં ભૂપેન્દ્રભાઈ ગક્કર અને ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. ગાંધીનગરના કલાકાર કુંતલ નિમાવત દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

માનવ અધિકાર અને મહિલા બાળ વિકાસ સંગઠન દ્વારા જનસેવા માટે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

માનવ અધિકાર અને મહિલા બાળ વિકાસ સંગઠન, ગાંધીનગરની એક બેઠક તાજેતરમાં સ્વર્ણિમ પાર્ક, ગાંધીનગર ખાતે મળી હતી. સંસ્થાના કાર્યશીલ, કર્તવ્યનિષ્ઠ પ્રમુખ વીણાબા ઝાલા દ્વારા સર્વે સદસ્યશ્રીઓને આવકારી, બેઠકના પ્રારંભે સંસ્થા દ્વારા આગામી સમયમાં કરાનાર સેવા કાર્ય વિશે સહયોગ કરવા અપીલ કરી હતી. ખાસ કરીને અભ્યાસ/નોકરી અર્થે અપડાઉન કરતી દિકરીઓ માટે સેનેટરી નેપકીન વિતરણ તથા સરળતાથી ઉપલબ્ધ કરવા વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં કાર્યશીલ જીલ્લા પ્રમુખ વીણાબા ઝાલા, શહેર પ્રમુખ તેજસભાઈ આચાર્ય, વિનોદભાઈ ઉદેચા, ભારતીબા ડાભી, પદ્મકાંતભાઈ પટેલ, હિરલબેન ઝાલા, મનિષભાઈ પરમાર, હિરલબા રાઠોડ, કિંજલબા ડાભી સહિત સદસ્યોશ્રીઓ એ ઉપસ્થિત રહીને સેવા સહયોગ આપવા જણાવ્યું હતું. અંતે તપસ્વીભાઈ એ સંસ્થા વતી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર રોટરી કલબ દ્વારા કેરિયર કાઉન્સલિંગ સેમિનાર

ગાંધીનગર, તા.૨૩

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા ગ્લોબલ કેરિયર કાઉન્સેલીંગ વિષય પર કેરિયર કાઉન્સિલર અને સલાહકાર નીધિ શર્મા દ્વારા નિશુલક સેમિનારનું આયોજન તા.૨૫ મેના રોજ કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં ભાગ લેવા માટે google https://forms.gle/B5V3FQAmMqRPEJhJ9 લીંક ઉપર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ઉપરોકત વિષયમાં ઈચ્છા ધરાવતાં વાલી અને વિદ્યાર્થીઓને આ સેમિનારમાં ભાગ લેવા સેમિનારના પ્રોજેકટ ચેરમેન યોગેશ પટેલ અને રોટરી કલબ ગાંધીનગરના પ્રમુખ રૂટિન ડો.જગદીશ પટેલ અને મંત્રી પારસ ઉચાટ દ્વારા જણાવાયું છે.

જન્મદિને વધામણી

રોનિત જાદવ
મો. ૯૯૨૪૭ ૯૮૪૬૧

ચંદ્રકાન્તભાઈ કિશોર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

પ્રવિણસિંહ મોરી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

અમન પટેલ

જોય ચૌધરી

જ્યોતિન્દ્ર રાઓલ
મો. ૯૯૯૮૬૮૩૩૨૦

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પટેલ કમુબેન નટવરભાઈ** ઉ.વ.૬૭, પેથાપુર
- **સ્વ.ઠાકોર ભરતજી ભલાજી** ઉ.વ.૩૫, ફતેપુરા, પેથાપુર
- **સ્વ.પ્રજાપતિ શાંતાબેન મફાભાઈ** ઉ.વ.૭૩, વાવોલ
- **સ્વ.ઝાલા કિષ્ના દિનેશભાઈ** ઉ.વ.૧૫, ઝુંડાલ
- **સ્વ.ઠાકોર મંગુબેન છનાભાઈ** ઉ.વ.૮૦, પેથાપુર
- **સ્વ.દંતાણી પીન્ટુભાઈ ચંદુભાઈ** ઉ.વ.૪૦, આમજા

સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ વરિષ્ઠોનું વૃંદાવન

ગાંધીનગર, તા.૨૩

સિનિયર સિટીઝન્સ કાઉન્સીલના વરિષ્ઠોના વૃંદાવન સાંસ્કૃતિક કાર્યક્રમમાં માતુશ્રી જોઈતીબા શૈક્ષણિક સંકુલ-કમ્યુનીટી હોલ, સેકટર-૭ ખાતે યોજાઈ ગયો. જેમાં સિનિયર સિટીઝન્સ કાઉન્સીલના સભ્યો-પરિવારના પ્રતિભા દવે સ્વાગત નૃત્ય, કુ.આસ્થા શાહે કથ્થક નૃત્ય, કુ.શાબ્દી દોશીએ અને અશ્વીન શાહે એકપાત્રીય અભિનય, કુસુમબેન જોષી અને મનિષા ત્રિપાઠીએ અભિનય ગીત રજૂ કર્યા હતા. જયારે હસમુખ શાહ, હરજીવન પંચાલ, પુષ્પા વૈષ્ણવ, જશુ બેન ઠકકર, ઠાકોરભાઈ શેઠ, ગીરીશ ત્રિવેદી, શર્મિષ્ઠા દવે, ભીખાભાઈ પંચાલ, નિર્મલ બૉરા, ફાલ્ગુની અને મયૂર પુરાણી, દશરથ પરમાર ફિલ્મ ગીતો, ભજનો, લોકગીતો રજૂ કર્યા હતા. તેમજ પ્રફુલ્લ ભાવસાર લિખિત, પ્રકાશ લાલા અભિનીત-દિગ્દર્શિત, હસતાં હસતાં સત્ય અને પ્રમાણિકતાનો મહિમા સમજાવતુ એકાંકી નાટક " સાચને ના આવે આંચ ભજવાયુ હતુ જેમાં આશા બહેન સરવૈયા, કિન્નરી દવે, ફાલ્ગુની પુરાણી, મનીષા ત્રિપાઠી સાથે ગુંજન વોરા, મનન પુરાણી, હસમુખ શાહ, ગીરીશ ત્રિવેદી અને હસમુખ મેકવાન તથા પ્રકાશ લાલા અભિનયના અજવાળા પાથર્યા હતા. સંગીત સંકલન-અને સંચાલન-નિરવ મેકવાન, મેકઅપ-હસુ શ્રીમાળી, સેટીંગ્સ-સુભાષ ભટ્ટ અને સાઉન્ડ-લાઈટસ-નરેશ દવેના હતા. આ કાર્યક્રમમા અધયક્ષ એન.પી પટેલ, મુખ્ય મહેમાન ચંપકલાલ શાહ અને અતિથિ વિશેષ તરીકે પ્રફુલ્લ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનુ સંચાલન ભાનુપ્રસાદ પુરાણીએ કર્યુ હતુ.